Seat No.: | | | | | | | |

Sl. No. :

# 154(GHE)

**(February, 2026)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 48 પ્રશ્નો છે.
2) પ્રશ્નની સૂચના અનુસાર જવાબ લખો.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી હોય તો કરવો.
5) ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.
6) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[20]**

1) ભાગીદારોની મૂડી પરનું વ્યાજ એ ભાગીદાર માટે શું છે ?
   (A) ખર્ચ (B) દેવું
   (C) આવક (D) નુકસાન

2) A, B અને C ની મૂડીનું પ્રમાણ 1 : 2 : 3 હોય અને વર્ષનો વહેંચણીપાત્ર નફો 1,20,000 હોય તો C ને કેટલો નફો મળે ?
   (A) 60,000 (B) 40,000
   (C) 20,000 (D) 50,000

3) પાઘડી એ કયા પ્રકારની મિલકત છે ?
   (A) દૃશ્ય મિલકત (B) અદૃશ્ય મિલકત
   (C) ચાલુ મિલકત (D) અવાસ્તવિક મિલકત

4) જ્યારે પેઢીમાં દર વર્ષે નફો વધતો હોય ત્યારે કઈ પદ્ધતિ મુજબ પાઘડી માટે નફાની ગણતરી કરવી વધુ હિતાવહ છે ?
   (A) સાદી સરેરાશ (B) ભારીત સરેરાશ
   (C) વાર્ષિક વૃદ્ધિદર (D) ચક્રવૃદ્ધિ દર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5) ભાગીદારી પેઢીના પુનર્ગઠન વખતે પાકાસરવૈયામાં દર્શાવેલ એકત્રિત નફો ક્યાં દર્શાવવામાં આવે છે ?
(A) પુનઃમૂલ્યાંકન ખાતામાં જમા બાજુ
(B) નફાનુકસાન ફાળવણી ખાતામાં જમા બાજુ
(C) ભાગીદારોના મૂડી ખાતાંમાં જમા બાજુ
(D) ભાગીદારોના મૂડી ખાતામાં ઉધાર બાજુ

6) ભાગીદારી પેઢીનું પુનર્ગઠન થાય ત્યારે ...... બનાવવામાં આવે છે.
(A) વેપાર ખાતું
(B) પુનઃમૂલ્યાંકન ખાતું
(C) માલ-મિલકત નિકાલ ખાતું
(D) નફા-નુકશાન ફાળવણી ખાતું

7) પુનઃમૂલ્યાંકન ખાતાનો નફો કે ખોટ ..... અને ...... પ્રમાણમાં લઈ જવામાં આવે છે.
(A) જૂના ભાગીદારો, સરખા હિસ્સે
(B) બધા ભાગીદારો, નવા નફાનુકસાનના પ્રમાણમાં
(C) જૂના ભાગીદારો, ત્યાગના પ્રમાણમાં
(D) જૂના ભાગીદારો, જૂના પ્રમાણમાં

8) ભાગીદારના પ્રવેશ વખતે સામાન્ય અનામત અને નફા-નુકસાન ખાતાની જમા બાકી ....... લઈ જવામાં આવે છે.
(A) પ્રવેશ પામનાર ભાગીદારના મૂડી ખાતે
(B) નવા ભાગીદાર સહિત બધાજ ભાગીદારોના મૂડી ખાતે
(C) જૂના ભાગીદારોના મૂડી ખાતે
(D) પુનઃમૂલ્યાંકન ખાતે

9) જ્યારે નફાનુકસાનનું જૂનું પ્રમાણજ આપેલ હોય ત્યારે બાકીના ભાગીદારોનું લાભનું પ્રમાણ = .......
(A) 1 : 1
(B) જૂનું પ્રમાણ
(C) મૂડીનું પ્રમાણ
(D) શોધી શકાય નહિ

10) પેઢીના વિસર્જન સમયે પાકાસરવૈયામાં દેવાદારો ₹ 24,500 અને ઘાલખાધ અનામત ₹ 2,500 હોય, તો માલમિલકત નિકાલખાતે જમાબાજુએ કઈ રકમ લખશો ?
(A) ₹ 24,500
(B) ₹ 2,500
(C) ₹ 22,000
(D) ₹ 27,000

11) પેઢીના વિસર્જન વખતે સામાન્ય અનામત કયા ખાતે લઈ જવામાં આવે છે ?
(A) માલમિલકત નિકાલ ખાતે
(B) રોકડ ખાતે
(C) નફાનુકસાન ખાતે
(D) ભાગીદારોના મૂડી ખાતે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

12) શેર જપ્ત થાય ત્યારે જપ્ત થયેલા શેર પર મંગાવેલી કુલ રકમ ...... કરવામાં આવે છે.

(A) શેર જપ્તીખાતે ઉધાર
(B) શેર જપ્તીખાતે જમા
(C) શેર મૂડીખાતે જમા
(D) શેર મૂડીખાતે ઉધાર

13) કંપનીને શેરના જાહેર ભરણાં માટે કોની સંમતિ લેવી પડે છે ?

(A) કેન્દ્ર સરકાર
(B) સેબી
(C) રાજ્ય સરકાર
(D) રીઝર્વ બેન્ક

14) ડિબેંચર કેટલા ટકા વટાવથી બહાર પાડી શકાય છે ?

(A) 10%
(B) 5%
(C) 20%
(D) બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા નક્કી કરેલ દરે

15) નીચેનામાંથી કયું વિશ્લેષણ સમય આધારિત વર્ગીકરણ દર્શાવે છે ?

(A) બાહ્ય વિશ્લેષણ
(B) આડું વિશ્લેષણ
(C) ટૂંકા ગાળાનું વિશ્લેષણ
(D) ઊભું વિશ્લેષણ

16) એક કંપનીના ચાલું વર્ષના ખર્ચાઓ ₹ 6,00,000 છે અને તેમાં પાછલા વર્ષની સરખામણીમાં 20% વધારો થયો હોય તો પાછલા વર્ષના ખર્ચા કેટલા હશે ?

(A) ₹ 1,20,000
(B) ₹ 5,00,000
(C) ₹ 7,20,000
(D) ઉપરના એકેય નહિ

17) નીચેનામાંથી કઈ બાબત અંગે ગુણોત્તર દિવસોમાં શોધાય છે ?

(A) કુલ ખરીદી અંગે
(B) ઉધાર વેચાણ અંગે
(C) ઉધાર ખરીદી અંગે
(D) બંને (B) અને (C)

18) નીચેનામાંથી કયું હિસાબી ગુણોત્તરો માટે સાચું છે ?

(A) પેઢી દ્વારા વિકસાવેલા ગુણોત્તરો સાથે સરખામણી
(B) ઉદ્યોગના ગુણોત્તરો સાથે સરખામણી
(C) હરિફોના ગુણોત્તરો સાથે સરખામણી
(D) ઉપરના બધા

19) રોકડ સમકક્ષની .......

(A) ઉચ્ચ પ્રવાહીતા હોય છે.
(B) ઉચ્ચ સધ્ધરતા હોય છે.
(C) ઉચ્ચ નફાકારક હોય છે.
(D) ઉપરના બધા

20) ગયા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે પાઘડીની રકમ ઘટે, તો .......

(A) પાઘડીનું વેચાણ કહેવાય.
(B) પાઘડીની ખરીદી કહેવાય.
(C) પાઘડી માંડીવાળી કહેવાય.
(D) ઉપરના બધા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિભાગ - B

■ નીચેના 21 થી 30 સુધીના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.

21) ભારિત સરેરાશ નફો એટલે શું ?

22) લાભનું પ્રમાણ એટલે શું ?

23) નફાનુકસાન હવાલાખાતું ક્યારે અને શા માટે ખોલવામાં આવે છે ?

24) ભાગીદારી પેઢીના વિસર્જનની રીતો જણાવો.

25) પેઢીના વિસર્જન સમયે પાકાસરવૈયામાં દર્શાવેલ પ્રોવિડન્ટ ફંડની બાકીનો નિકાલ કેવી રીતે કરશો ?

26) ડિબેંચર હોલ્ડર કોને કહેવાય ?

27) ચાલુ મિલકતો વધે અને ચાલુ દેવામાં ફેરફાર ન થાય તો ચાલુ ગુણોત્તર વધે કે ઘટે ?

28) તરલતાના ગુણોત્તરો શું દર્શાવે છે ?

29) મળેલ ડિવિડન્ડ અને વ્યાજ કઈ પ્રવૃત્તિમાં નોંધાય છે ?

30) રોકડપ્રવાહ એટલે શું ?

## વિભાગ - C

■ નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 3 ગુણ છે. (કોઈપણ ચાર)

31) સ્તવનની આખરની મૂડી ₹ 80,000 છે. જેમાં ચાલુ વર્ષના ઉપાડના ₹ 12,500 તથા નફાના ₹ 17,800 ની અસર આપેલ છે. શરૂની મૂડી પર વાર્ષિક 6% ના દરે કેટલું વ્યાજ થાય ?

32) દેવ, દ્રોણ અને ભાવિકા એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ 5 : 2 : 2 છે. બધાજ ભાગીદારોએ મળીને નફા-નુકશાન વહેચણીનું પ્રમાણ બદલીને નવું પ્રમાણ $\frac{2}{9}, \frac{3}{9}$ અને $\frac{4}{9}$ નક્કી કર્યું છે. આ માહિતી પરથી કયા ભાગીદારે કેટલો ત્યાગ કર્યો છે તે ત્યાગના સૂત્રથી શોધો.

33) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકાસરવૈયામાં દર્શાવેલ નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો ? - સમજાવો.

(i) સામાન્ય અનામત

(ii) રોકાણ વધઘટ ભંડોળ

(iii) ઘસારા ફંડ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

34) વિસર્જન વખતે પેઢીની કુલ મિલકતો ₹ 4,00,000 છે. જે પૈકી ચાલુ મિલકતો 40% છે. જેમાં રોકડનો 20,000 નો સમાવેશ થાય છે. સ્થિર મિલકતોના 120% રકમ ઊપજી, જ્યારે ચાલુ મિલકતોની 80% રકમ ઊપજી. જરૂરી આમનોંધ લખો.

35) અભિષેક લિમિટેડ તા. 1-8-2020 ના રોજ ₹ 100 નો એક એવા 9 ટકાના 8,000 ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડ્યા. જે તા. 31-7-2025 ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 120 ની કિંમતે પરત કરવાના છે.

કંપનીના ચોપડે ડિબેંચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

36) નીચેના વ્યવહારો પરથી ફક્ત ડિબેંચર બહાર પાડવા અંગેની આમનોંધ લખો. (બાબત જે વગર)

(i) ₹ 100 ની મૂળકિંમના 10% ના 5,000 ડિબેંચર 5% ના વટાવે બહાર પાડ્યા, જે મૂળકિંમતે પરત કરવાના છે.

(ii) ₹ 100 ની મૂળકિંમના 10% ના 5,000 ડિબેંચર 8% ના પ્રિમિયમે બહાર પાડ્યા, જે મૂળકિંમતે પરત કરવાના છે.

## વિભાગ - D

■ **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ જરૂરી ગણતરી સાથે લખો. દરેકના 4 ગુણ છે. (કોઈપણ ત્રણ)** **[12]**

37) નીચેની માહિતી પરથી તૃપ્તિ અને વ્યાપ્તિની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા પાંચ વર્ષના ભારિત સરેરાશની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2020-21 | 80,000 |
| 2021-22 | 1,20,000 |
| 2022-23 | 1,40,000 |
| 2023-24 | 1,60,000 |
| 2024-25 | 1,70,000 |

P.T.O



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

38) સિદ્ધિ અને પ્રદીપની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાની મૂડીકૃત કરવાની પદ્ધતિ અનુસાર નક્કી કરો.

(1) રોકાયેલી મૂડી = 7,80,000

(2) અપેક્ષિત વળતરનો દર = 12%

(3) છેલ્લા 5 વર્ષનો નફો =

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2017-18 | 2,00,000 |
| 2018-19 | 2,70,000 |
| 2019-20 | 2,40,000 |
| 2020-21 | 2,50,000 |
| 2021-22 | 2,30,000 |

39) ગુજરાત લિમિટેડના તા. 31-3-2023 અને તા. 31-3-2024 ના નફા-નુકસાનના પત્રકો ટૂંકમાં નીચે પ્રમાણે આપેલા છે. તેના આધારે તુલનાત્મક નફાનુકસાનનું પત્રક બનાવો.

**ગુજરાત લિમિટેડના તા. 31-3-2023 અને તા. 31-3-2024 નાં રોજ પૂરાંથતાં વર્ષના નફાનુકસાનના પત્રકો**

| વિગતો | નોંધ નંબર | 31-3-2024 (₹ માં) | 31-3-2023 (₹ માં) |
|---|---|---|---|
| વેચાણની ઉપજો | | 9,00,000 | 8,00,000 |
| અન્ય આવકો | | 2,00,000 | 1,00,000 |
| વપરાયેલ માલની પડતર | | 3,30,000 | 3,00,000 |
| નાણાંકીય ખર્ચાઓ | | 1,00,000 | 1,00,000 |
| અન્ય ખર્ચાઓ | | 1,80,000 | 2,00,000 |

આવકવેરાનો દર 30% હતો.

40) 'આર્જી' કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે દેવાં-ઇક્વિટી ગુણોત્તરની ગણતરી કરો.

| વિગત | (₹) |
|---|---|
| લેણદારો | 1,60,000 |
| દેવી હૂંડીઓ | 1,40,000 |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| ખર્ચા ચૂકવવાના બાકી | 1,00,000 |
| બિનચાલુ મિલકતો | 12,00,000 |
| ચાલુ મિલકતો | 10,00,000 |
| કુલ દેવાં | 10,00,000 |

41) નીચે આપેલા વ્યવહારોના આધારે કામગીરીમાંથી ઉદ્ભવતા રોકડપ્રવાહની ગણતરી કરો.

| વિગત | (₹) |
|---|---|
| આવકવેરા પહેલાંનો નફો | 99,000 |
| આવકવેરાની જોગવાઈ | 29,000 |
| સૂચિત ડિવિડન્ડ | 39,000 |
| ઘસારો | 22,000 |
| ડિવિડન્ડ મળ્યું | 21,000 |
| વ્યાજ મળ્યું | 20,000 |
| વ્યાજ ચુકવ્યું | 28,000 |
| પાઘડી માંડીવાળી | 15,000 |
| મિલકત વેચાણનો નફો | 12,000 |

## વિભાગ - E

■ **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 8 ગુણ છે. (કોઈપણ ત્રણ)** **[24]**

42) કમલ અને વાલમ 2 : 1 ના પ્રમાણમાં નફોનુકશાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2025 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત - લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| મૂડી ખાતા : | | | પાઘડી | 18,000 |
| કમલ | 80,000 | | જમીન-મકાન | 72,000 |
| વાલમ | 60,000 | 1,40,000 | યંત્રો | 40,000 |
| સામાન્ય અનામત | | 18,000 | સ્ટોક | 36,000 |

P.T.O.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | | | |
|---|---|---|---|---|
| કારીગર વળતર અનામત | 4,500 | દેવાદારો | 24,000 | |
| રોકાણ અનામત | 1,500 | – ઘા.ખા.અનામત | 2,000 | 22,000 |
| લેણદારો | 28,000 | રોકાણો | | 8,000 |
| દેવી હૂંડી | 12,000 | રોકડ-બેન્ક | | 2,000 |
| | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 6,000 |
| | **2,04,000** | | | **2,04,000** |

તેઓએ તા. 1-4-2025 થી જીગરને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કર્યો :

(1) જીગર ₹ 1,00,000 મૂડી તરીકે અને ₹ 24,000 પાઘડી પેટે રોકડા લાવશે.

(2) જમીન-મકાનની કિંમત ₹ 17,000 થી વધારવી.

(3) યંત્રોની કિંમત ₹ 32,000 સુધી ઘટાડવી.

(4) દેવાદારો પર 10% ઘાલખાધ અનામત રાખવી.

(5) નહિ ચૂકવેલ વીજળી બિલ માટે ₹ 1,100 ની જોગવાઈ કરવી.

(6) ત્રણેય ભાગીદારોનું નવું નફાનુકશાનનું પ્રમાણ 2 : 1 : 2 રાખવું.

પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોના મૂડીખાતાં, રોકડ-બેન્ક ખાતું અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

43) નરેન્દ્ર અને ધિરેન્દ્ર 2 : 1 ના પ્રમાણમાં નફોનુકશાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 31-3-2024 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી - દેવાં | | રકમ (₹) | મિલકત - લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી : | | | યંત્રો | | 64,000 |
| નરેન્દ્ર | 64,000 | | ફર્નિચર | | 40,000 |
| ધિરેન્દ્ર | 32,000 | 96,000 | સ્ટોક | | 13,600 |
| અનામત ભંડોળ | | 16,800 | દેવાદારો | 40,000 | |
| લેણદારો | | 60,000 | ઘાલખાધ | | |
| દેવી હૂંડી | | 8,000 | અનામત | – 3,200 | 36,800 |
| | | | રોકડ - બેન્ક | | 26,400 |
| | | **1,80,800** | | | **1,80,800** |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ભાગ્યેશને તા.1-4-2024 થી નવા ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવ્યો. પ્રવેશની શરતો નીચે મુજબ હતી :

(1) નરેન્દ્ર તેના ભાગમાંથી $\frac{1}{12}$ ભાગ અને ધિરેન્દ્ર તેના ભાગમાંથી $\frac{1}{6}$ ભાગ ભાગ્યેશને આપશે.

(2) ભાગ્યેશ તેના ભાગે પ્રમાણસર મૂડી લાવશે.

(3) ભાગ્યેશ તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે.પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 90,000 કરવામાં આવ્યું.

(4) કાયમી મિલકતો 10% ઘસારાને પાત્ર છે.

(5) બધાજ દેવાદારો સધ્ધર છે.

(6) વીમા-પ્રિમિયમના ચૂકવેલ ₹ 12,000 પૈકી ₹ 2,400 આવતા વર્ષે આગળ લઈ જવાના છે.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

44) શૈલજા, સોનમ અને અર્પિતા $\frac{2}{5}$,$\frac{5}{10}$ અને $\frac{1}{10}$ ભાગે નફોનુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2025 ના રોજ તેમની પેઢીનું પાકું-સરવૈયું નીચે મુજબ હતું : https://www.gujaratboardonline.com

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણા | રકમ (₹) |
|---|---|---|---|---|
| લેણદારો | | 90,000 | પાઘડી | 30,000 |
| સામાન્ય અનામત | | 70,000 | મકાન | 2,82,000 |
| મૂડીખાતાં : | | | યંત્રો | 1,45,000 |
| શૈલજા | 2,00,000 | | રોકાણો | 33,000 |
| સોનમ | 1,00,000 | | સ્ટોક | 20,000 |
| અર્પિતા | 90,000 | 3,90,000 | દેવાદારો | 50,000 |
| | | | અર્પિતાને લોન | 30,000 |
| ચાલુ ખાતા : | | | ચાલુ ખાતુ : અર્પિતા | 10,000 |
| શૈલજા | 26,000 | | | |
| સોનમ | 14,000 | 40,000 | | |
| ઘાલખાધ અનામત | | 10,000 | | |
| | | **6,00,000** | | **6,00,000** |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તા. 1-4-2025 થી અર્પિતા ભાગીદાર તરીકે નિવૃત્ત થઈ. નિવૃત્તિ વખતે ભાગીદારોએ નક્કી કર્યું છે :

(1) ભાડું ચૂકવવાનું બાકી ₹ 4,000 છે.

(2) રોકાણો પર વ્યાજ ₹ 2,500 મળવાનું બાકી છે.

(3) રોકાણો ₹ 35,000 વેચી દેવા.

(4) પેઢીની પાઘડી ₹ 2,00,000 નક્કી કરવામાં આવી.

(5) ભવિષ્યમાં નફોનુકસાન શૈલજા અને સોનમ 1 : 1 ના પ્રમાણમાં વહેંચી લેશે. જરૂરી ખાતા તૈયાર કરી નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

45) એ.ડી લિમિટેડ કંપનીએ ₹ 10 નો એક એવા 2,40,000 ઇક્વિટી શેર, શેરદીઠ ₹ 70 ના પ્રિમિયમે બહાર પાડ્યા. શેરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી :

| | |
|---|---|
| અરજી સાથે | ₹ 38 (₹ 35 ના પ્રિમિયમ સહિત ) |
| મંજૂરી વખતે | ₹ 28 (₹ 25 ના પ્રિમિયમ સહિત ) |
| આખરી હપ્તા વખતે | ₹ 14 (₹ 10 ના પ્રિમિયમ સહિત ) |

લોરેન્સે ધારણ કરેલા 2,000 શેર પર મંજૂરી અને આખરી હપ્તાની રકમ સિવાય બાકીના બધા શેર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી. કંપનીએ યોગ્ય કાર્યવાહી બાદ લોરેન્સના શેર જપ્ત કર્યા. આ શેર 40 ટકાના પ્રિમિયમે પૂરા ભરાયેલા તરીકે ફ્રાન્સિસને ફરી વેચ્યા.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો. (બાબત જે વગર)

46) સુરતની ગાયત્રી ડાયમંડ લિ. કંપનીએ 3,00,000 શેર, શેરદીઠ ₹ 10 લેખે બહાર પાડ્યા હતા. જેમાં અરજી વખતે શેરદીઠ ₹ 3, મંજૂરી વખતે શેરદીઠ ₹ 2.50, પ્રથમ હપ્તા વખતે શેરદીઠ ₹ 2.50 અને આખરી હપ્તા વખતે શેરદીઠ ₹ 2 મંગાવવામાં આવ્યા હતા.

જાહેર જનતામાંથી 4,56,000 શેરની અરજીઓ મળી હતી. 4,50,000 શેરના અરજદારોને પ્રમાણસર ફાળવણીથી 3,00,000 શેર મંજૂર કરવામાં આવ્યા હતા. 6,000 શેરની અરજીઓ નામંજૂર કરી. એક શેરહોલ્ડર સરસ્વતી સિવાયના બાકીના બધાજ શેરહોલ્ડરો પાસેથી પૂરેપૂરી રકમ ભરપાઈ થઈ ગઈ હતી. સરસ્વતીને 600 શેર મંજૂર કરવામાં આવ્યા હતા. તેણે છેલ્લા હપ્તાની રકમ ભરી નથી તેના શેર જપ્ત કર્યા. સરસ્વતીના બધાજ શેર ₹ 9 લેખે પૂર્ણ ભરપાઈ તરીકે બહાર પાડ્યા.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો. (બાબત જે વગર)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિભાગ - F

નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 11 ગુણ છે. [22]

47) આશુ અને અજય સરખે હિસ્સે નફોનુકશાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2025 ના રોજના નીચે આપેલા કાચા સરવૈયાં અને હવાલા પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**આશુ અને અજયની ભાગીદારી પેઢીનું તા.31-3-2025 ના રોજનું કાચુ સરવૈયું**

| ખાતાનું નામ | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| મૂડી અને ઉપાડ : | | |
| આશુ | 10,000 | 1,00,000 |
| અજય | 20,000 | 1,20,000 |
| શરૂઆતનો સ્ટોક | 60,000 | — |
| ખરીદી અને વેચાણ | 61,000 | 80,000 |
| આવક માલ ગાડાભાડુ | 20,000 | — |
| તોલાઈ | 1,000 | — |
| પ્રોવિડન્ટ ફંડ અને પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | 1,000 | 4,000 |
| ડેડસ્ટોક | 22,000 | — |
| પગાર, મજૂરી | 12,000 | — |
| આશુની લોન (તા. 1-7-2024 થી) | — | 20,000 |
| મહાજન લાગો | 2,000 | — |
| ફેક્ટરીનું મકાન | 1,00,000 | — |
| ફેક્ટરીના મકાન પર ઘસારો | 10,000 | — |
| વીમા-પ્રિમિયમ | 1,200 | — |
| અગાઉથી ચૂકવેલ વીમા પ્રિમિયમ | 600 | — |
| ડેમરેજ | 200 | — |
| રોકડ અને બૅન્ક | 6,000 | 18,000 |
| હૂંડીઓ | 30,000 | 14,000 |
| ગ્રાહકો અને વેપારીઓ | 20,000 | 16,000 |
| વ્યવસાય વેરો | 1,000 | — |
| ચૂકવવાનો બાકી પગાર | — | 1,400 |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 1,400 | 6,000 |
| | **3,79,400** | **3,79,400** |

હવાલાઓ :

(1) આખર સ્ટોકની કિંમત ₹ 40,000 છે. પરંતુ તેની બજારકિંમત 20% ઓછી છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(2) ₹ 1,000 નો માલ મળ્યો હતો, પરંતુ ખરીદીનું ભરતીયું ખરીદનોંધમાં લખવાનું રહી ગયું છે.

(3) ભાગીદારોને મૂડી પર 10% અને ઉપાડ પર 5% વ્યાજ વસૂલ કરવાનું છે.

(4) ઘાલખાધ અનામત ₹ 3,000 ની જોગવાઈ કરો તથા દેવાદાર પર વટાવ અનામત 10% લેખે રાખવાનું છે.

(5) આશુએ ₹ 1,000 નો માલ અને અજયે ₹ 2,000 નો માલ અંગત વપરાશ માટે લીધો હતો, જેની નોંધ ચોપડે ઉધાર વેચાણ તરીકે વેચાણ નોંધમાં થઈ છે.

(6) ભાગીદારી કરારનામાની જોગવાઈ પ્રમાણે નુકસાન હોય તો પણ મૂડી પર વ્યાજ ચૂકવવાનું છે.

48) તા. 31-3-2025ના રોજનું જોધલ લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| માલસામગ્રી | 2,20,000 | — |
| કાયમી મિલકતો દૃશ્ય | 16,00,000 | — |
| 10,000 ઇક્વિટી શેર દરેકના ₹ 100 નો તેવા | — | 10,00,000 |
| વેચાણ | — | 15,00,000 |
| અન્ય ઉપજ | — | 40,000 |
| કર્મચારી લાભના ખર્ચા | 2,60,000 | — |
| લાંબાગાળાના ઉછીના નાણાં | — | 7,00,000 |
| નાણાકીય પડતર | 35,000 | — |
| વેપારી દેવાં | — | 2,00,000 |
| વેપારી લેણાં | 80,000 | — |
| રોકડ અને બેન્ક સિલક | 1,20,000 | — |
| ઘસારો | 45,000 | — |
| વેચેલમાલની પડતર | 8,00,000 | — |
| બિનચાલુ રોકાણો | 2,80,000 | — |
| | **34,40,000** | **34,40,000** |

**વધારાની માહિતી :**

કરવેરાની જોગવાઈ ₹ 1,60,000 કરો.

કંપની ધારા 2013 ના પરિશિષ્ટ III મુજબ કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

◆◆◆



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in